મળ્યા તારીખ :– ૧૯.૦૪.૨૦૧૨
નોંધણી તારીખ :– ૧૯.૦૪.૨૦૧૨
ફેસલ તારીખ :– ૨૫.૦૬.૨૦૨૬
અવધિ :– વર્ષ માસ દિવસ

વંથલીના મહે. એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. વંથલી.

સ્પે.દિ. મુ. નં.૨૫/૨૦૧૭.
(જુનો સ્પે. દિ. મુ. નં.૪૧/૨૦૧૨)
આંક–૧૩૫

ગુજ. અબ્દ્રેમાન હબીબ પટેલના વારસ :–
ગુજ. હાજરાબેન અબ્દ્રેમાન પટેલના વારસઃ–
રૈયાજભાઈ અઝીઝભાઈ પટેલ
ઉ.વ.આ. ૫૮, ધંધો– ખેતી/વેપાર
રહે. પટેલ મંઝીલ, અમીજી વલીજી માર્ગ,
મુ. વંથલી, તા. વંથલી, જિ. જુનાગઢ

.............વાદી

વિરૂધ્ધ

૦૧ ગુજ. અમીજી વલીજી પટેલના વારસ :
કામીલભાઈ અમીજી પટેલ
રહે. પટેલ મંઝીલ, અમીજી વલીજી માર્ગ,
મુ. વંથલી, તા. વંથલી, જિ. જુનાગઢ

........પ્રતિવાદી

આંક–૫૫ હેઠળના હુકમ મુજબ પ્રતિ. નં.ર(૧) ને ડીલીટ કર્યા

ગુજ. અબ્દ્રેમાન હબીબના વારસો :
(૧) ગુજ. ગફાર અબ્દ્રેમાનના વારસઃ
કુલસુમબેન ગફારભાઈ રહે. મુંબઈ

(૨) ગુજ. આમદ અબ્દ્રેમાનના વારસઃ
(૧) મહેફુઝાબેન આમદ
(૨) નાસીરભાઈ આમદ
રહે. મુંબઈ

ગુજ. હાજરાબેન અબ્દ્રેમાનના વારસ :
૩. (૧) અસ્ફાકભાઈ અઝીજ પટેલ રહે. મુંબઈ
૩. (૨) નરગીસબેન અઝીજ પટેલ
વા/ઓ. સીરાજભાઈ શેખ, રહે. જુનાગઢ

આંક–૫૮ હેઠળનાં હુકમ મુજબ વારસો જોડયા

૩. (૩) રઈસભાઈ અજીજ પટેલ, રહે. દુબઈ
૩. (૪) ગુજ. શાહીનબેન અજીજ પટેલ
વા/ઓ. અફઝલભાઈ કાઝીના વારસો :–
૩(૪) (૧) અફઝલભાઈ કાઝી, ઉ.વ.આ. ૫૫,
(૨) રાશીદ અફઝલ કાઝી,ઉ.વ.આ. ૨૭,
(૩) માહીર અફઝલ કાઝી,ઉ.વ.આ. ૨૫,
તમામ રહે. 206, Varsova earth estate,
Kagga das pura main road,
Banglore 560093
૪. ગુજ. રશીદ અબ્દ્રેમાનના વારસ :–
(૧) શહેનાઝબેન રસીદ, રહે.અમેરીકા હાલ – મુંબઈ
૫. ગુજ. ખતીજા અબ્દ્રેમાનના વારસઃ
૫.(૧) જકીભાઈ અબ્દુલ અઝીઝ કાઝી
૫.(૨) સુરૈયાબેન અબ્દુલ અઝીજ કાઝી,
વા/ઓ. ડો. અઝીજ હકીમ રહે. મુંબઈ
૫. (૩) શોએબભાઈ અબ્દુલ અઝીઝ કાઝી, રહે.
મુંબઈ
૫. (૪) સબીચાબેન અબ્દુલ અઝીઝ કાઝી,
વા/ઓ. સલાઉદીન કુરેશી રહે. મુંબઈ

આંક–૭૯ ના હુકમ મુજબ વારસો જોડયા

૬. ગુજ. ઈકબાલભાઈ અબ્દ્રેમાન પટેલના વારસો :–
૬(૧) વસીમ ઈકબાલ પટેલ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ખેતી

૬(૨) રેશ્મા ઈકબાલ પટેલ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ઘરકામ
બંન્ને રહે. સીધી વાડા, વાંજા મંદિરની બાજુમાં
મુ. વંથલી(સોરઠ), તા. વંથલી, જિ.જુનાગઢ

આંક–૧૩૦ ના હુકમ મુજબ વારસો જોડયા

૭. ગુજ. હાજાભાઈ નેભાભાઈ દિવરાણીયાના વારસોઃ–
૭. (૧) રાણીબેન હાજાભાઈ દીવરાણીયા
ઉ.વ.પુખ્ત, રહે. ધંધુસર, તા.વંથલી
૭. (૨) મેરામણભાઈ હાજાભાઈ દીવરાણીયા
ઉ.વ.પુખ્ત, રહે.ધંધુસર,તા.વંથલી
૭. (૩) રાંભીબેન હાજાભાઈ દીવરાણીયા
તે વા/ઓ. મેણંદભાઈ સિંઘલ
ઉ.વ.પુખ્ત, રહે. ધંધુસર, તા. વંથલી
૭. (૪) મેણંદભાઈ હાજાભાઈ દીવરાણીયા
ઉ.વ.પુખ્ત, રહે. ધંધુસર, તા.વંથલી
૭. (૫) રાજીબેન હાજાભાઈ દીવરાણીયા
તે વા/ઓ. દિલીપભાઈ ઓડેદરા
ઉ.વ.પુખ્ત, રહે. આંત્રોલી, ઠે. મઢની બાજુમાં,
ગામ–આંત્રોલી, તા. માંગરોળ, જિ.જુનાગઢ
૮. ભુરાભાઈ મેરામણભાઈ વદર
રહે. ધંધુસર, તા. વંથલી, જિ. જુનાગઢ
૯. કલેકટર સાહેબ
જુનાગઢ જિલ્લો જુનાગઢ

<u>બાબત :–</u> રૂા.૧૨ લાખ વ્યાજ અને ખર્ચ સહી વસુલ કરવા સંબંધે.

<u>વાદીના વિ. વ. શ્રી એલ. બી. પરમાર</u>
<u>પ્રતિવાદીના વિ. વ. શ્રી જે. એચ. ધમાણી.</u>

<u>–:: ઠ રા વ ::–</u>

(૦૧) વાદીએ હાલનો દાવો પાર્ટીશન તથા જમીનનો કબજો મેળવવા અને વેચાણ દસ્તાવેજ નં.૫૬૯ તથા ૫૭૦ નિરર્થક બીનઅમલી અંગે જાહેરાત મેળવવા તેમજ મનાઈ હુકમ માટે દાખલ કરેલ છે. જેની ટુંક હકીકત નીચે મુજબ છે.

અમો વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૬ ના ધર્મે – મુસ્લિમ છીએ અને પ્રતિ. નં. ૯ કલેકટરશ્રી જુનાગઢના પક્ષકારોની સંયુકત મિલકત (ટેનન્ટ ઈન કોમન) ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડઝમાં ચાલતા નામો પૈકી ગુજ. અબ્દ્રેમાન હબીબ પટેલનું નામ સાંભળવાની તક આપ્યા વગર કે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ની કલમ–૧૩૫–ડી ની નોટીસો બજાવ્યા સિવાય ધંધુસર ગ્રામ નોંધ નં. ૩૬૦૫ તા.૨૭/૭/૦૪ ના રોજ અમારી પીઠ પાછળ મામલતદારશ્રી વંથલીનાએ પાડી આપતા અને નાયબ કલેકટર, જુનાગઢના રે–સી/૩૧૬/૦૯ ની રજી.નં. ૩૪/૦૯ તા. ૨૯/૧૦/૦૯ ની અરજીમાં ડીલે કન્ડોન નહિ કરતાં આરઆરટી અપીલ/રીવીઝન નં.૩૦/૦૯–૧૦ કલેકટરશ્રી જુનાગઢનાએ તા.૩૦/૧૨/૧૧ ના રોજ નામંજુર કરતાં વાદીના હકકો જોઈન્ટ મિલકતમાંથી છીનવાઈ જતા, આ કામમાં જોડવામાં આવેલ છે. કારણ કે, જોઈન્ટ મિલકત અંગેના હકકો પક્ષકારોના પાસેથી છીનવવાના હકક અધિકાર કે હકુમત રેવન્યુ ઓથોરીટીઝને નથી તેવુ ઠરાવી આપવુ ન્યાયના હિતમાં છે. જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામ– હકકપત્રક નોંધ ૩૬૦૫ તા.૮/૦૬/૨૦૦૪ મામલતદારશ્રી વંથલી તરફથી કોઈપણ હિત સંબંધ ધરાવનારોને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ, ૧૮૭૯ ની કલમ–૧૩૫–ડી ની નોટીસ આપ્યા વગર કે બજાવ્યા વગર એકતરફી રીતે તા.૨૭/૭/૨૦૦૪ ના પ્રમાણિત કરી છે તે ગેરકાયદે છે. તે નોંધ પ્રમાણિત કરવાથી વાદીના તથા બીજા હિત સંબંધ ધરાવનારાઓના સંયુકત મિલકતના હકક હિસ્સા છીનવી લેવામાં આવ્યા છે. ધંધુસર નોંધ નં. ૮૯૬ થી સર્વે નં. ૭૧૦ હે.૧–આરે ૪૭– ચો.મી. ૭૧ અમીજી વલીજી નાગોરી અને અબ્દુમાન હબીબભાઈ નાગોરી– બંન્નેના નામે દર્શાવવામાં આવેલ છે જેના ગામ નમુના નંબર – ૮–અ (જમીનની ખાતાવહી) માર્ક ૫/૧ થી આ દાવામાં રજુ છે તેમજ ગામ નમુના નંબર ૭ અને ૧૨ મોજે ધંધુસર સર્વે નં. ૭૧૦ હે. ૧ –આરે ૪૭–ચો.મી. ૭૧ માં ગણોતીયાની વિગતોમાં ખેડૂતના નામમાં શ્રી અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરી અને અમીજી વલીજી નાગોરીના નામો વર્ષ ૨૦૦૬–૦૭ તથા ૨૦૦૭–૦૮, ૨૦૦૮–૦૯ ના વર્ષમાં દર્શાવેલ છે. જે આ કામમાં રજુ છે. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૬૯ તા.૧૨/૦૫/૦૯ ધંધુસર સર્વે નં.૩૫૫/પૈ ૧/પૈ ૩ નું ક્ષેત્રફળ હે.૪–આરે–૦૪–ચો.મી.૬૮ પિયત પ્રકારની જમીન વેંચાણ કિંમત રૂા.૪,૮૦,૦૦૦/– પુરામાં લખી આપનાર કામીલભાઈ અમીજી પટેલ રહે.મુંબઈ તરફથી લખાવી લેનાર હાજાભાઈ નેભાભાઈ દિવરાણીયા રહે. ધંધુસર વાળાને વેંચાણ આપેલ છે.

તે જમીનમાં વાદીનો ૧/૨ હિસ્સો રહેલો છે માટે તે વેંચાણ નલ એન્ડ વોઈડ છે તેવું ઠરાવી આપવું ન્યાયના હિતમાં છે. જમીન મહેસુલ કા.ક.૧૩૫ ડી. મુજબની નોટીસ તા.૧૪/૦૬/૨૦૦૪ ની મેળવીને આ કામમાં રજુ કરી છે. તેમાં પ્રતિશ્રી. ૧ શ્રી અમીજી વલીજી નાગોરી, ૨. શ્રી અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરીને સંબોધીને કાઢવામાં આવી છે. શ્રી અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરી ઘણા સમય પહેલા અવસાન પામેલ હોઈ તેમના વારસો જે વાદી તથા અન્ય પ્રતિવાદીઓ જે દાવામાં છે તેમને બજાવવામાં આવી નથી. તે નોંધ નં.૩૬૦૫ તા. ૯/૬/૦૪ વસિયત સર્વે નં.૩૫૫/પી.૧ –(૫) મોજે ધંધુસર ગામે ખેતીખાતા નં.–૫ શ્રી અમીજી વલીજી વગેરેના નામે સર્વે નં.૩૫૫/પી ૧/એકર ૨૨– ૩૦ ગુંઠા ખરાબો અને એ.૦–૧૦ ગુંઠા મળી કુલ જમીન એ.૨૩– ૦૦ ગુંઠા ગુજ. અમીજી વલીજી પટેલે બક્ષીસ આંક–રૂ.૨૦,૯૩૭/– (વંથલી ધંધુસરની જમીન) દસ્તાવેજ નં.૩૯૯ તા.૨૭/૦૯/૧૯૬૮ થી બક્ષીસખત નાધોરી કામીલ અમીજી પટેલના નામે કરી આપતા કામીલ અમીજી પટેલે અરજી સાથે બક્ષીસખતની ઝેરોક્ષ રજુ કરતા બક્ષીસખત મુજબ નોંધ લીધી– આ નોંધ ગેરકાયદે છે તે મંજુર કરી તે પણ ગેરકાયદેસર છે કારણ કે શ્રી અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરીના વારસોને કલમ–૧૩૫ ડી ની નોટીસો બજાવી નથી અને ૧/૨ હિસ્સો અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરીનો આ જમીનમાં છે તે ડુબાડી દેવામાં આવ્યો છે. આથી નોંધ નં.૩૬૦૫ રદ થવાપાત્ર છે. માત્ર ૧/૨ જમીન અમીજી વલીજી નાગોરીની છે તે હિસ્સાથી વધુ હિસ્સાનું બક્ષીસખત કરી શકાતું નથી. મામલતદારશ્રી વંથલી તરફથી તા.૨૭/૦૭/૦૪ ના રોજ ખોટી રીતે પ્રમાણિત કરવામાં આવેલ કામીલ અમીજી પટેલ તરફથી અરજી ક્રમાંક :૫૦ તા. ૩/૬/૦૪ માં આખો સર્વે નં.૩૫૫ એ.૨૩–૦૦ ગુંઠા ખોટી રીતે પોતાના નામે કરવા લખવામાં આવેલ છે તેમજ તા.૯/૩/૦૪ ના રોજ કામીલ અમીજી પટેલ તરફથી ખોટી હકીકતોવાળી અરજી મામલતદારશ્રીને આપવામાં આવી છે. ઉપરના રેવન્યુ રેકર્ડઝની ખરીનકલો મળવા જાણ થતા તુરંત જ તા.૨૨/૫/૦૯ ના રોજ મામલતદાર સાહેબ વંથલી પાસેથી મળવા અરજી વાદી તરફથી કરતા નકલો મળતા વાદીના હકક હિસ્સા છીનવાઈ જવાની પ્રથમ વખત જાણ થતા હાલનો દાવો ઠરાવેલ સમયમર્યાદામાં લાવીએ છીએ. માર્ક ૫/૧૨ થી રજુ થયેલ બક્ષીસખત અનુ.નં.૯૯૯ તા.૨૭/૯/૬૮ ના પેરા– ૨ પાના નં. ૩ ઉપર જણાવે છે કે, (૨) વંથલી તાલુકાના ગામ ધંધુસર ગામની સીમની જમીનની વિગતો નીચે મુજબ છે. આ જમીનનું ખેડ ખાતુ અમીજી તથા અબ્દુમાન હબીબ પટેલ એ નામે ચાલે છે.

મજકુર જમીનનો ખરેખર મારો હકક ૨/૩ ભાગ છે અને તે રીતે આ જમીન મારી માલિકીની છે અને તેથી હું બક્ષીસ આપુ છુ. બક્ષીસખત વાળી જમીનમાં બક્ષીસ કરી આપનારનો ખરેખર હિસ્સો ૨/૩ છે તેમ કબુલ કરે છે. તેમ છતાં મામલતદારશ્રી વંથલીનાએ આખે આખી જમીન બક્ષીસખતના બાના હેઠળ પ્રતિ.નં.૧– કામીલ અમીજી પટેલના નામે કરી અબ્દ્રેમાન હબીબ પટેલના વારસોનો હકક ડુબાડેલ છે માટે આ દાવો પાર્ટીશનનો દાખલ કરવામાં આવે છે. પ્રતિ.નં.–૧–કામીલ અમીજી પટેલ તરફથી ધંધુસર સર્વે નં.૩૫૫ પૈ. એ.૨૮– ગુંઠા ૩૯ પૈકી એ.૬– ૨૩ ગુંઠા રૂા. ૨૦,૦૦૦/– માં અઘાટ વેંચાણ મેર સીદી દુદા રહે. ધંધુસરને અનુ, નં. ૧૪૦૧ તા. ૭/૮/૭૯ ના રોજ વેંચાણ આપી છે. વાદી તરફથી વાંધા અરજી તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત ધંધુસરને મોકલી તે રજી.એડી.ની સ્લીપ તથા બંધ કવર પરત આવેલ તે આ કામમાં રજુ છે. જે ચાલુ કામે ખોલવા હકક રાખીએ છીએ. કલકેટર સાહેબ જુનાગઢ જિલ્લો, જુનાગઢના લેન્ડ/૪/ આરઆરટી રીવીઝન નં. ૩૭/૦૯–૧૦ માં તા. ૩૦/૧૨/૨૦૧૧ નો હુકમ અસલ આ કામમાં રજુ છે. તેમાં વાદી સ્થાવર મિલકતમાં હકક હિસ્સો નકકી કરવા સીવીલ કોર્ટ સમક્ષ સ્યુટ દાખલ કરવો જોઈએ તે વિવરણ કરી અરજી નામંજુર કરી છે તે ગેરકાયદે છે. મામલતદારશ્રી વંથલીનો ઈ–ધરા/અસલ/વશી/૧૦૪૫/૦૯ તા.૨૭/૧૧/૦૯ નો પત્ર આ કામમાં માર્ક ૫/૧૬ થી અને માર્ક ૫/૧૭ થી હકકપત્રક નોંધ ૧૫, ૮૯૬, ૧૪૧૪ થી ખરીનકલ રજુ છે. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૭૦ તા.૧૨/૫/૦૯ ની ખરી નકલ રજુ છે તેમાં લખાવી લેનાર– ભુરાભાઈ મેરામણભાઈ વદર જોગ કામીલ અમીજી પટેલ તરફથી ધંધુસર સર્વે નં.૩૫૫/૫.–૧ બિનપિયત હે.૨–આરે ૬૦–ચો.મી. ૦૧ નું વેંચાણ થયેલ અને અવેજ રૂા. ૨,૭૦,૦૦૦/– ચુકવેલ છે. બિન અવેજી સુધારા દસ્તાવેજ અનુ. નં.૭૨૧ તા.૧૦/૬/૨૦૦૯ થી અનુ. નં.૫૭૦ તા.૧૨/૫/૦૯ માં જે ક્ષેત્રફળ હે.૨–આરે ૬૦–ચો.મી. ૦૧ વાળુ દર્શાવેલ તે વાસ્તવિક રીતે હે.૨–આરે ૫૨– ચો.મી.૯૩ નો સુધારો કરેલ છે. ધંધુસર અનુક્રમણિકા નં. ૨ ની ખરી નકલ માર્ક ૫/૨૦ થી રજુ છે. તેમાં સર્વે નં. ૩૫૫ પૈ. એ.૬–૧૬ ગુંઠા જમીન કામીલ અમીજી પટેલ તરફથી રૂા. ૨૦,૦૦૦/– માં માલદે દુદાને વેંચાણ આપવામાં આવી છે. ઉપરની વિગતે કામીલ અમીજી પટેલ તરફથી નીચેના ક્ષેત્રફળવાળી જમીનો વેંચાણ થયેલ છે. જેમાં વાદીનો હકક હિસ્સો છે.

ક્રમ	અવેજ રૂા.	ક્ષેત્રફળ	સર્વે નં.	ગામ
૦૧	૨૦,૦૦૦/–	એ. ૬–૧૬ ગુંઠા	૩૫૫ પૈ.	ધંધુસર

૦૨	૨,૮૦,૦૦૦/–	હે.૨–આ.૫૩–ચો.મી.૯૩	૩૫૫	‘’
૦૩	૪,૮૦,૦૦૦/–	હે.૪–આ.૦૪–ચો.મી. ૬૯	૩૫૫ પૈ.	‘’

સંયુક્ત મિલકત, જોઈન્ટ પ્રોપર્ટીમાં વાદી તથા અન્ય ગુજ. અબ્દ્રેમાન હબીબભાઈ નાગોરીના પુત્રો–પુત્રીઓ અને વંશ વારસો જેમને Mohammedan Law પ્રમાણે હકક હિસ્સો થાય છે. તે મુજબના હિસ્સા ઠરાવી આપી જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીને સુપ્રત કરવાનું હુકમનામું કરી આપવું ન્યાયના હિતમાં છે. તેથી હાલનો દાવો પાર્ટીશન, પઝેશન, ડીકલેરેશન અને ઈન્જકશન માટે દાખલ કરેલ છે.

(૦૨) સદર દાવો નામદાર જુનાગઢ કોર્ટમાં દાખલ થયેલ અને ત્યારબાદ વંથલી મુકામે સીનીયર સીવીલ કોર્ટ અસ્તિત્વમાં આવતાં દાવો અત્રેની કોર્ટમાં નામદાર જુનાગઢ ડિસ્ટ્રીકટ કોર્ટના નં.જયુડી/૧૪૩/૨૦૧૭ તા.૧૬/૧૧/૨૦૧૭ થી કરવામાં આવેલ.

પ્રતિવાદીઓને સમન્સ કરતા પ્રતિવાદી નં.૧ તથા ૬, ૭, ૮ પોતાના વકીલ મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદી નં.–૧ એ આંક–૨૫ થી જવાબ આપી તકરાર કરેલ છે કે, અદ્રેમાન હબીબ ૧૯૪૫ માં ગુજરી ગયા હતા અને તે સમયે ભારત આઝાદ થયેલ ન હોય બોમ્બે રેવન્યુ કોડ અમલમાં આવેલ નહી હોવાથી સ્થાનીક કાયદા મુજબ નવાબના સમયમાં મુસ્લીમ કાયદા નીચે દિકરીઓને કોઈ ભોગ મળતો ન હતો અને અમીજી વલીજી પટેલ તથા વાદી અદ્રેમાન હબીબભાઈને ઘણી મિલકતો હોય મૌખીક પાર્ટીશન થતા દાવાવાળી મિલકત પ્રતિવાદી અમીજી પટેલને મળેલ હતી તેથી વાદીને દાવાવાળી મિલકતમાં કોઈ લાગભાગ હકક સંબંધ છે નહી. વધુ મિલકત સંબંધે નામદાર બોમ્બે હાઈકોર્ટે દાવા નં.૩૫૨૮/૧૯૪૭ માં વાદી અને પ્રતિવાદી એટલે કે અદ્રેમાન હબીબ અને અમીજી વલીજી વચ્ચે કરારદાદી હુકમનામું કરી આપેલ છે અને દાવાવાળી મિલકત પ્રતિવાદી અમીજી વલીજીને મળેલ હતી તેથી હવે વાદીને સદર મિલકતમાં કોઈ હકક, હીત હોય નહી દાવો ટકવાપાત્ર નથી. વધુ પ્રતિવાદી નં.–૧ એ તકરાર કરેલ છે કે, પ્રતિવાદી અમીજી વલીજી એ પોતાના પુત્ર કામીલ અમીજી પટેલના લાભમાં બક્ષીસ લેખ તા.૨૭/૦૯/૬૮ થી દસ્તાવેજ નં.૩૯૯ થી કરી આપેલ છે. જેની નોંધ ગામ નમુના નં.૬ માં નોંધ નં.૩૬૦૫ થી તા.૨૭/૦૭/૦૪ ના રોજ પ્રમાણીત થયેલ છે. આમ, વાદીના દાવાને મુદતનો બાધ નડતો હોય વાદીનો દાવો ટકવાપાત્ર નથી. વધુ તકરાર કરેલ છે કે, વાદીએ જરૂરી પક્ષકાર જોડેલ નથી તેથી પણ વાદીનો દાવો ટકવા પાત્ર નથી.

પ્રતિવાદી નં.૬,૭ અને ૮ એ આંક–૨૬ થી દાવાનો જવાબ આપી પોતે બોનાફાઇડ પરચેઝર હોવાનો બચાવ લીધેલ છે તેમજ દાવાને લીમીટેશન એકટનો બાધ નડતો હોય દાવા અરજી રદ કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદી નં.૬/૧, ૬/૨ એ આંક–૯૦ થી પ્રતિવાદીનો જવાબ એડોપ્ટ કરેલ છે. બીજા પ્રતિવાદીઓએ જવાબ આપેલ ન હોય તેઓના જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૦૩) ઉપરોકત પ્લીડીંગના આધારે મારા પુર્વગામી જજ દવારા આંક–૫૪ થી મુદા કાઢેલ છે. જે નીચે મુજબ છે.

:: મુદા ::

(૧) શું વાદી સાબિત કરે છે કે જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામ સીમ સર્વે નંબર ૩૫૫ પૈકી એકર ૨૩.૦૦ ગુઠા જમીનમાં વાદીનો તથા ગુજ.અબ્દ્રેમાન હબીબ ભાઈ નાગોરીના વારસોનો હકક હિસ્સો છે.?

(૨) શું વાદી સાબિત કરે છે કે પ્રતિવાદી નંબર–૧ કામીલભાઈ અમીજી પટેલ તરફથી કરી આપવામાં આવેલ ધંધુસર સીમ સર્વે નંબર ૩૫૫ પૈકી એકર ૨૩.૦૦ ગુઠા વાળી ખેતીની જમીનનાં વેચાણ દસ્તાવેજ અનુ. નં.૫૬૯ તથા અનુ. નં.૫૭૦ તા. ૧૨/૫/૨૦૦૯ તથા બિનઅવેજી સુધારા દસ્તાવેજ અનુ. નં.૭૨૧ તા.૧૦/૬/૨૦૦૯ કાયદેસરના નથી?

(૩) શું વાદી હાલનો દાવો કરવા અધિકૃત છે.?

(૪) શુ વાદીનો દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે?

(૫) શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૬) શું હુકમ અને હુકમનામું?

(૦૪) ઉપરોકત મુદદા પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

–: વાદીનો પુરાવો :–

વાદી તરફે રજુ થયેલ મૌખીક પુરાવો :–

ક્રમ	વિગત	આંક
૦૧	વાદી રૈયાજભાઇ અઝીઝભાઇ પટેલનુ સરતપાસનું સોગંદનામું.	૭૫

<u>વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	વિગત	આંક
૦૧	પહોંચ	૧૦૪
૦૨	રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૭૦	૧૦૫
૦૩	પહોંચ	૧૦૬
૦૪	રજી. વેચાણ દસ્તાવેજ નં.૭૨૧	૧૦૭
૦૫	વાદીએ મામલતદાર સાહેબને કરેલ અરજી	૧૦૮
૦૬	મામલતદાર સાહેબે વાદીને આપેલ જવાબ	૧૦૯
૦૭	ગામ નમુના નં.૮–અ	૧૧૦
૦૮	ગામ નમુના નં.૭–૧૨	૧૧૧
૦૯	આર આર ટી રીવીઝન અરજી નં.૩૭/૦૯	૧૧૨
૧૦	ઈન્ડેક્ષ	૧૧૩

(૪.૧) ત્યારબાદ વાદીએ બીજો કોઇ મૌખક પુરાવો રજુ રાખેલ નથી અને આંક–૧૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો બંધ કરેલ છે.

<u>–: પ્રતિવાદીનો પુરાવો :–</u>

એક પણ પ્રતિવાદીએ કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવો આપેલ નથી પણ પ્રતિવાદી નં.૭ અને ૮ એ વાદીની આંક–૭૫ ની ઉલટ તપાસમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે અને આંક પડાવેલ છે.

<u>પ્રતિવાદી નં.૭ અને ૮ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	વિગત	આંક
૦૧	વાદીએ પ્રતિવાદીના કુલ મુખત્યાર તરીકે દાવાવાળી મિલકતનો કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ	૧૧૫
૦૨	બક્ષીસ લેખ	૧૧૬

ત્યારબાદ પ્રતિવાદીઓએ કોઇ પુરાવો રજુ રાખેલ ન હોય ઉપરોકત દસ્તાવેજી પુરાવાને આંક આપ્યા બાદ પ્રતિવાદીના પુરાવાનો હકક આંક–૧ લગત તથા રોજકામમાં તા.૧૦/૦૪/૨૬ ના રોજ હુકમ કરી બંધ કરેલ છે.

(૦૬) દલીલ :–

<u>વાદીની દલીલ : –</u>

વાદી વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, બક્ષીસ લેખ જે પ્રતિવાદીએ વાદીની ઉલટ તપાસમાં આંક–૧૧૬ થી રજુ રાખેલ છે તે ધ્યાને લઇએ તો અમીજી વલીજી પોતે કબુલે છે કે, દાવાવાળી મિલકતમાં તેમનો ૨/૩ ભાગ છે. તેથી પ્રતિવાદી નં.૧ એ આ બક્ષીસ લેખના આધારે પડાવેલ એન્ટ્રી તથા ત્યારબાદ સંપુર્ણ મિલકતનો કરી આપેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર હોય દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

વાદીના વિ. વ. શ્રી એ વધુ દલીલ કરેલ છે કે, બક્ષીસ લેખની કોઇ ૧૩૫–ડી મુજબની નોટીસ વાદીને કે બીજા વારસદારોને બજાવવામાં આવેલ નથી. તેથી પ્રતિવાદીએ મામલતદાર સાથે મળી જઇને વાદી પર ફ્રોડ આચરેલ હોય સમય મર્યાદાનો વાદીના દાવાને બાધ નડતો નથી અને જયારે પ્રતિવાદી અમીજી વલીજીનો દાવાવાળી મિલકતમાં માત્ર ૨/૩ ભાગ હોય ત્યારે પ્રતિવાદી અમીજી વલીજી સંપુર્ણ મિલકત બક્ષીસમાં આપી શકે નહી. તેથી વાદીનું સદર મિલકતમાં હકક હીત સમાયેલ હોય પ્રતિવાદી કામીલ વલીજી પટેલે પ્રતિવાદી નં.૭, ૮ ના લાભમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજની જાણ થતા તરત જ વાદીએ હાલનો દાવો દાખલ કરેલ હોય ત્યારે સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોય તેવું માની શકાય નહી અને પ્રતિવાદી કામીલભાઇ અમીજીએ ગેરકાયદેસર વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૭, ૮ ના લાભમાં નોંધી આપેલ હોય તે રદ થવાને પાત્ર છે તેથી વાદીના લાભમાં દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

વાદીના વિ. વ.શ્રી એ દલીલ કરેલ છે કે, પ્રતિવાદીના આંક–૨૫ અને ૨૬ ના જવાબ મુજબ વાદી અને પ્રતિવાદી વચ્ચે કરારદાદી હુકમનામા મુજબ દાવાવાળી મિલકત સંબંધે ભાગલા પડેલ હતા અને નામ. બોમ્બે હાઇકોર્ટના દાવા નં.૩૫૨૮/૧૯૪૭ માં થયેલ કરારદાદી હુકમનામાથી દાવાવાળી મિલકત પ્રતિવાદી અમીજી વલીજીને મળેલ હતી પણ આ અંગે પ્રિતીવાદીએ આવું કોઇ હુકમનામું રજ કરેલ નથી. તેથી પ્રતિવાદીના કેસ સામે વિરૂધ્ધ અનુમાન કરવાનું થાય છે અને દાવાવાળી મિલકતમાં વાદી અહ્રેમાન હબીબીભાઇનો ભાગ હોય દાવો મંજર કરવા અરજ કરેલ છે. વાદીએ નીચે મુજબના કેસ પર આધાર રાખેલ છે.

(૧) ૧૯૯૯ એઆઇઆર(એસસી) પાના નં.૧૩૪૧

<u>પ્રતિવાદીની દલીલ :–</u>

<u>પ્રતિવાદી નં.૭, ૮ ના તર્ફે દલીલ :–</u>

પ્રતિવાદી નં.૭, ૮ તરફે વિ. વ. શ્રીએ દલીલ કરેલ છે કે, વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે અને તે દલીલના સમર્થનમાં પ્રતિવાદીના વકીલશ્રીએ અત્રેની કોર્ટનું વાદીની આંક–૭૫ ની ઉલટ તપાસ તરફ ધ્યાન દોરેલ છે જેમાં વાદી પોતે કબુલ રાખે છે કે, હાલના વિવાદની જાણ દાવો દાખલ કરેલ તેના ૭–૮ વર્ષ પહેલાથી વાદીને હતી. આમ, પ્રતિવાદીના વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, જયારે વાદીને દસ્તાવેજ થયાની જાણ તેમજ બક્ષીસની જાણ દાવાો દાખલ કર્યાના ૭–૮ વર્ષ પહેલાથી હોય ત્યારે હાલના દાવાને સમય મર્યાદાના કાયદાનો સ્પષ્ટરીતે બાધ નડે છે તેથી દાવો કાઢી નાખવા પ્રતિવાદીના વિ. વ. શ્રીએ અરજ કરેલ છે.

પ્રતિવાદીના વિ. વ. શ્રી એ વધુ દલીલ કરેલ છે કે, વાદીની ઉલટ તપાસમાં વાદીએ કુલમુખત્યારની હેસીયતથી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરી આપેલ હોવાનું કબુલ રાખે છે અને તે દસ્તાવેજ આંક–૧૧૫ થી રજુ છે. જે ધ્યાને લેતા, વાદીને ૧૯૭૯ થી એટલે કે આંક–૧૧૫ ના દસ્તાવેજની તારીખથી જાણ છે કે પ્રતિવાદી કાલીમભાઇ અમીજીભાઇ દાવાવાળી મિલકત તેમની સ્વતંત્ર માલીકીની હોવાનું જણાવે છે અને કબજો પણ કાલીમભાઇ અમીજીભાઇ પોતાની પાસે હોવાનું જણાવે છે. આમ, ૧૯૭૯ થી વાદીને દાવાવાળી મિલકત પ્રતિવાદી કાલીમભાઇ અમીજીભાઇના કબજામાં હોવાની જાણ હોવા છતાં વાદીએ સમય મર્યાદામાં પાર્ટીશનનો દાવો દાખલ કરેલ ન હોય અને ૨૦૧૨ ની સાલમાં ખોટુ કારણ ઉભું કરી હાલનો દાવો દાખલ કરેલ હોય વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય દાવો રદ કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદીના વિ. વ. શ્રીએ નીચે મુજબના કેસ ઉપર આધાર રાખેલ છે.

(૧) ૨૦૨૬ (૨) જી.એલ.આર. પે.નં.૧૦૨૫
(૨) ૨૦૧૪(૨) જી.એલ.આર. પે.નં.૧૭૭૪
(૩) ૨૦૧૭(૩) જી.એલ.આર. પે.નં.૨૫૧૧

બીજા પ્રતિવાદીઓએ કોઇ દલીલ કરેલ નથી.

(૦૭) ઉપરોકત પુરાવાના આધારે મુદદાઓના મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

<u>-: નિ ર્ણ ય :-</u>

૦૧ નકારમાં

૦૨ નકારમાં

૦૩ હકારમાં

૦૪ હકારમાં

૦૫ નકારમાં

૦૬ આખરી હુકમ મુજબ.

<u>-: કા ર ણો :-</u>

(૦૮) ઉપરોકત મુદાના કારણો આપતા પહેલા કેસમાં પડેલ નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

<u>નિર્વિવાદીત હકીકતો :-</u>

૧ વાદીએ હાલનો દાવો પાર્ટીશન તથા કબજા માટે અને વેચાણ દસ્તાવેજ બીનઅમલી / નિરર્થક હોવાની જાહેરાત કરવા તથા મનાઈ હુકમ માટે દાખલ કરેલ છે. તેથી વાદીની ઉલટ તપાસ આંક-૭૫ ધ્યાને લેતાં વિવાદની જાણ વાદીને દાવો દાખલ કર્યાના ૭-૮ વર્ષ પહેલા હતી તેવુ વાદી કબુલ રાખે છે. જેથી દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.

૨ વાદીએ પોતાના દાવાવાળી મિલકતના ૧ ભાગનો દસ્તાવેજ સીદાભાઈ દુદાભાઈને પ્રતિવાદી જમીન માલીકના કુલમુખત્યાર તરીકે ૧૯૭૯ ની સાલમાં કરી આપેલ છે અને તે દસ્તાવેજને પડકારેલ નથી.

૩ આંક-૧૧૫ ના દસ્તાવેજમાં પ્રતિવાદી કામીલભાઈ અમીજી પટેલને દાવાવાળી મિલકત બક્ષીસમાં મળેલ હોવાનું સ્પષ્ટ ફલીત થાય છે અને કબજો અમીજી વલીજી એટલે કે પ્રતિવાદી પાસે હોવાનું પણ સ્પષ્ટ ફલીત થાય છે. (આંક-૧૧૫ ના પાના નં.૫)

(૦૯) ઉપરોકત નિર્વિવાદીત હકીકતો લક્ષમાં લઈને મુદાના કારણો આપવા ન્યાયોચીત છે.

મુદા નં.૧, ૨, ૩ ના કારણો આપતા પહેલા મુદા નં.–૪ ની ચર્ચા કરવી જરૂરી છે. તેથી મુદા નં.૪ ની ચર્ચા પહેલા કરવામાં આવે છે.

<u>મુદા નં.–૪</u>

મુદા નં.–૪ એવું સુચવે છે કે, શું દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.?

વાદીએ હાલનો દાવો પાર્ટીશન માટે દાખલ કરેલ છે. તેથી લીમીટેશન એકટ ૧૯૬૩ નું આર્ટીકલ ૧૧૦ ટાંકવું અગત્યનુંબને છે. જે નીચે મુજબ છે.

110	By a person excuded from a joint family property to enforce a right to share therein.	Twelve years	When the exclusion becomes known to the plaintiff.

આમ, આર્ટીકલ ૧૧૦ મુજબ જો કોઈ વ્યકિતને જોઈન્ટ ફેમીલી પ્રોપર્ટીમાંથી એકસકલુડ (exclude) / બાકાત કરવામાં આવેલ હોય તો તેણે બાકાત થયાનાં ૧૨ વર્ષમાં દાવો લાવવાનો હોય છે. હવે હાલનો દાવો વાદી ૧૨ વર્ષમાં લાવેલ છે કે કેમ તે ચકાસવા માટે આંક–૭૫ ની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો તેઓ પોતે મેર સીદાભાઈ દુદાભાઈને દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરી આપેલ હોવાનું કબુલ રાખે છે. હવે જો આ મેર સીદાભાઈ દુદાભાઈને કરી આપેલ વેચાણ દસ્તાવેજ જે આંક–૧૧૫ થી રજુ છે તે ધ્યાને લઈએ તો સદર દસ્તાવેજના પાના નં.૫ માં પ્રતિવાદી કામીલભાઈ અમીજીભાઈને દાવાવાળી મિલકત એટલે કે સર્વે નં.૩૫૫ એકર–૨૩ ગુઠા–૦૦ બક્ષીસમાં મળેલ હતી અને કબજો બક્ષીસ આધારે પ્રતિવાદી કામીલભાઈ અમીજીભાઈ પટેલ પાસે હતો તેવું સ્પષ્ટ ફલીત થાયછે. બક્ષીસ લેખ આંક–૧૧૬ થી રજુ છે અને તે તા.૨૭/૦૯/૬૮ ના રોજનો છે. આમ, ૧૯૬૮ થી દાવાવાળી મિલકત એટલે કે રેવન્યુ સર્વે નં.૩૫૫ એકર ૨૩ ગુઠા ૦૦ નો કબજો પ્રતિવાદી કામીલ અમીજી પટેલ પાસે હોવાનું વાદીને ૧૯૭૯ એટલે કે મેર સીદાભાઈ દુદાભાઈને કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (આંક–૧૧૫) ની તારીખથી ખબર હતી ત્યારે આંક–૧૧૫ ની તારીખ (૭ ઓગષ્ટ ૧૯૭૯) થી ૧૨ વર્ષની અંદર વાદીએ હાલનો પાર્ટીશનનો દાવો કરવો જોઈતો હતો પણ વાદીએ આંક–૧૧૫ ની તારીખથી ૧૨ વર્ષની અંદર પાર્ટીશનનો દાવો કરેલ નથી અને હાલનો દાવો ૨૦૧૨ ની સાલમાં એટલે કે ૩૩ વર્ષ બાદ કરેલ છે તેથી વાદીના પાર્ટીશનના દાવાને લીમીટેશન

એકટ ૧૯૬૩ ના આર્ટીકલ ૧૧૦ નો બાધ નડતો હોય વાદીનો હાલનો પાર્ટીશનનો દાવો મંજુર થઇ શકે નહી.

આ તબકકે લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ ટાંકવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

27. Extinguishment of right to preperty :-

At the determination of the period hereby limited to any person for instituting a suit for possession of any property, his right to such property shall be extinguished.

આમ, લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ મુજબ સદર કાયદામાં આપેલ સમય બાદ જો કબજા માટે દાવો લાવવામાં આવે તો તે દાવો ટકવા પાત્ર નથી અને કબજાનો હકક extinguish / અલોપ થઇ જાય છે. હાલના કેસમાં આંક–૧૧૫ મુજબ વાદીને ૧૯૭૯ થી દાવાવાળી મિલકત પ્રતિવાદીના કબજામાં છે તેની જાણ હતી તેમ છતાં કબજા માટે વાદીએ લીમીટેશન એકટ ૧૯૬૩ ના આર્ટીકલ ૧૧૦ મુજબ દાવો કરેલ નથી. તેથી, લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ મુજબ હવે વાદીના કબજા અંગેનો હકક extinguish / અલોપ ગયેલ હોય વાદીના પાર્ટીશન તથા કબજા મેળવવા અંગેની દાદને આર્ટીકલ ૧૧૦ તથા કલમ–૨૭ નો સ્પષ્ટ બાધ નડતો હોય દાદ મંજુર કરી શકાય નહી. આ તબકકે નામદાર મદ્રાસ હાઇકોર્ટનો V.Jeeva (Deceased) by Lrs. V/s. R.Devi [AIR 2024 Mad 669] નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જેમાં Hon'ble Madras High Court દવારા પેરા ૨૨, ૨૩ અને ૨૪ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

22. I have carefully considered the rival submissions alongside the pleadings and evidence edduced by the parties.

23. No doubt, in the Sale Deed executed in favour of the third party purchasers, the daughters, who are the legal representatives, have not been shown as vendors. However, I find that there is a clear reference to the Power of Attorney executed jointly by not only the sons, but also the 1st plaintiff and the other daughter, V.Seetha, in favour of the 21st defendant. It is only on the strength of this Power of Attorney, all the Sale Deeds have been effected and the third party purchasers have also been put in possession. This factum was not disputed even by P.W.1 in his cross–examination. In fact, P.W.1 categorically admits that he was fully aware of the execution of the irrevocable Power of Attorney and also the factum of plotting out the lands in the form of a layout. If really the daughters, namely, the 1 plaintiff and her sister, V.Seetha had any claim or grievance in so far as the Sale Deeds executed by the power agent without mentioning their names, though the entire property came to be alienated,

they should have promptly chosen to question the actions of the Power of Attorney within a period of three years.

24. **Admittedly, the 1st plaintiff never chose to take any action against the Power of Attorney or as against the brothers or much less the third party purchasers for a period clearly over 12 years. The plaintiffs have now been also able to establish they have been in joint and constructive possession of the schedule 'A' property. On the contrary, it has came out an evidence that even as early as in the year 1994, the plots were laid out and individual plots were sold to innocent third party buyers who were also put in physical possession of their respective plots and no extent of schedule 'A' property was available thereafter.**

25. **Section 27 of the Limitation Act, in my considered opinion would assume significance and relevance in the facts of the present case and the same is extracted hereunder:**

"27.**Extinguishment of right to property. At the determination of the period hereby limited to any person for instituting a suit for possession of any property, his right to such property shall be extinguished.**"

26. **Therefore, testing the facts of the present case in the light of Section 27 of the Limitation Act, the daughters, namely V Jeeva and V.Seetha had a period of just 12 years to question the actions of the power agent and also their three brothers. On the date of execution of the Power of Attorney, namely on 14.01.1992, the daughters were fully aware of the fact that there was a conscious decision to part with possession of the property in favour of the developer and therefore, the daughters cannot feign ignorance. Merely because subsequently the Sale Deeds in favour of the third party purchasers did not reflect their names, in view of the fact that the very same Power of Attorney under which they had also empowered the 21st defendant to deal with the property finds a specific mention in all the Sale Deeds and also in view of the fact that the entire schedule 'A' property was plotted out and sold to third party purchasers who were admittedly put in physical possession of their respective plots, the sisters clearly slept over their rights and with the lapse of 14 years, their rights clearly stand extinguished and they are not entitled to seek any relief much less the relief of partition.**

આમ, જયારે વાદીને આંક-૧૧૫ નાં દસ્તાવેજની તારીખે તા.૭/૮/૧૯૭૯ એટલે કે ૧૯૭૯ થી જાણ હતી કે દાવાવાળી મિલકતનો કબજો કામીલભાઈ અમીજીભાઈ પાસે બક્ષીસ કરાર (આંક-૧૧૬) થી છે અને કામીલભાઈ અમીજીભાઈએ સદર મિલકત સીદાભાઈ દુદાભાઈ મેરને વેચાણ આપેલ છે તો વાદીએ હાલનો દાવો ૧૯૭૯ થી ૧૨ વર્ષની અંદર દાખલ કરવો જોઈતો હતો પણ વાદીએ પાર્ટીશન તથા કબજા અંગેનો દાવો ૨૦૧૨ એટલે કે ૩૩ વર્ષ બાદ દાખલ કરેલ હોય નામદાર મદ્રાસ હાઈકોર્ટનાં વી. જીવા ઉપરોકત ચુકાદા મુજબ હાલના દાવાને આર્ટીકલ-૧૧૦ તથા કલમ-૨૭ નો બાધ નડતો હોય મુદા નં.-૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં.–૧</u>

મુદા નં.–૧ એવું સુચવે છે કે, શું વાદી સાબીત કરે છે કે, જુનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામ સીમ સર્વે નં.૩૫૫ પૈકી આવેલ ૨૩–૦૦–૦૦ જમીનમાં વાદીનો તથા ગુજરનાર અબ્રેમાન હબીબભાઈ નાગોરીના વારસોનો હકક હિસ્સો છે ?

સદર મુદદો સાબીત કરવા માટે આંક–૧૧૬ ધ્યાને લેવો જરૂરી બને છે. જે પ્રતિવાદી અમીજી વલીજી પોતાના દિકરા કામીલ અમીજીના લાભમાં કરી આપેલ બક્ષીસ લેખ છે. જેના પાના નં.૩ માં અમીજી વલીજી એટલે કે બક્ષીસ આપનાર સંપુર્ણપણે સ્વીકાર કરે છે કે, મિલકતમાં તેમનો માત્ર ૨/૩ ભાગ છે અને બીજા માલીક અબ્રેમાન હબીબભાઈ છે પણ અબ્રેમાન હબીબભાઈએ પોતાની હયાતીમાં આંક–૧૧૬ ના બક્ષીસ લેખને પડકારેલ નથી અને તેમના પુત્ર રીયાઝભાઈ અઝીઝ એટલે કે વાદીએ પોતે આંક–૧૧૫ ના વેચાણ દસ્તાવેજમાં કબુલ રાખેલ છે. દાવાવાળી મિલકતના માલીક અને કબજેદાર પ્રતિવાદી અમીજી વલીજી છે ત્યારે દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદી પાસે હોય અને પ્રતિવાદીએ તેઓને મિલકતના કબજામાંથી એકસકલુડ (exclude) / બાકાત ૧૯૭૯ થી કરેલ હોય ત્યારે વાદીએ હાલનો દાવો ૧૯૭૯ થી ૧૨ વર્ષની અંદર કરવો જોઈતો હતો પણ વાદીએ ૨૦૧૨ ની સાલમાં હાલનો દાવો કરેલ હોય લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ મુજબ હવે અબ્રેમાન હબીબભાઈના વારસો એટલે કે વાદીનો કોઈ હકક માની શકાય નહી. તેથી, મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં.–૨</u>

મુદા નં.–૨ એવું સુચવે છે કે, શું વાદી સાબિત કરે છે કે પ્રતિવાદી નંબર–૧ કામીલભાઈ અમીજી પટેલ તરફથી કરી આપવામાં આવેલ ધંધુસર સીમ સર્વે નંબર ૩૫૫ પૈકી એકર ૨૩.૦૦ ગુઠા વાળી ખેતીની જમીનનાં વેચાણ દસ્તાવેજ અનુ. નં.૫૬૯ તથા અનુ. નં.૫૭૦ તા. ૧૨/૫/૨૦૦૯ તથા બિનઅવેજી સુધારા દસ્તાવેજ અનુ. નં.૭૨૧ તા.૧૦/૬/૨૦૦૯ કાયદેસરના નથી?

સદર મુદદાની ચર્ચા કરતા પહેલા હવે જયારે વાદીને દાવો લાવવા હકક અધિકાર લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ તથા આર્ટીકલ ૧૧૦ મુજબ રહેલ ન હોય ત્યારે હવે પ્રતિવાદી કામીલભાઈ અમીજીભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નં.૫૬૯ અને ૫૭૦ ગેરકાયદેસર છે તેવું ઠરાવી શકાય નહી. વાદીએ ૧૯૭૯ એટલે

આંક–૧૧૫ નાં દસ્તાવેજનાં તારીખથી ૧૨ વર્ષની અંદર પોતાનો કબજો હોવા અંગે લીમીટેશન એકટ ૧૯૬૩ ના આર્ટીકલ ૧૧૦ મુજબ કોઇ દાવો દાખલ કરેલ ન હોય ત્યારે વાદીના કબજા તથા પાર્ટીશન અંગેના દાવાને લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ તથા આર્ટીકલ–૧૧૦ નો બાધ નડતો હોય ત્યારે પ્રતિવાદી દવારા કરી આપવામાં આવેલ દસ્તાવેજ નં.૫૬૯ અને ૫૭૦ ગેરકાયદેસર હોય તેવું કહી શકાય નહી. તેથી મુદા નં.–૨ નો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં.–૩</u>

મુદા નં.–૩ એવું સુચવે છે કે, શું વાદી હાલનો દાવો કરવા અધિકૃત છે ?

વાદી પોતે જમીન માલીક અબ્રેમાન હબીબભાઇના વારસદાર છે જે અંગે પ્રતિવાદીએ પોતાના આંક–૨૫ અને આંક–૨૬ ના જવાબમાં તકરાર કરેલ નથી. તેથી તેઓ પોતે હાલનો દાવો કરવા અધિકૃત હોવાનું માનવાને કારણ છે. તેથી મુદા નં.–૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદા નં.–૫</u>

મુદા નં.–૫ એવું સુચવે છે કે, શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

વાદીએ પાર્ટીશન તથા જમીનનો પ્રત્યક્ષ કબજો મેળવવા દાદ માંગેલ છે પણ મુદા નં.–૪ માં ચર્ચા કર્યા મુજબ વાદીના પાર્ટીશન તથા કબજા અંગેના દાવાને લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ તથા આર્ટીકલ ૧૧૦ નો બાધ નડતો હોય ત્યારે વાદીની આ દાદ મંજુર થવા પાત્ર નથી.

વાદીએ દસ્તાવેજ ૫૬૯ અને ૫૭૦ નિરર્થક ઠરાવી દેવા દાદ માંગેલ છે પણ જયારે વાદીએ પાર્ટીશન તથા કબજા અંગેનો દાવો સમય મર્યાદામાં કરેલ ન હોય અને લીમીટેશન એકટ ૧૯૬૩ ની કલમ–૨૭ મુજબ હવે દાવાવાળી મિલકત ઉપર વાદીનો કોઇ હકક રહેલ ન હોય ત્યારે પ્રતિવાદી દવાર કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ નં.૫૬૯ અને ૫૭૦ નિરર્થક ઠરાવી શકાય નહી તેથી વાદીની આ દાદ પણ મંજુર થવા પાત્ર નથી.

વાદીએ કાયમી મનાઇ હુકમની દાદ માંગેલ છે માટે સ્પેસીફીક રીલીફ એક્ટની કલમ–૪૧(જે) ટાંકવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

Sec.-41..... Injuction when refused

Injunction can not be granted

(a) xxx

(b) xxx

(c) xxx

(d) xxx

(e) xxx

(f) xxx

(g) xxx

(h) xxx

(i) xxx

(j) When the plaintiff has no personal interest in the matter.

આમ, સ્પેસીફીક રીલીફ એક્ટ ૧૯૬૩ ની કલમ–૪૧(જે) મુજબ જયારે વાદીનો કોઈ હકક, હીત રહેલ ન હોય ત્યારે મનાઇ હુકમ આપી શકાય નહી. હાલના કેસમાં પણ વાદીએ સમય મર્યાદામાં પાર્ટીશનનો દાવો કરેલ ન હોય ત્યારે લીમીટેશન એક્ટ ૧૯૬૩ ની કલમ–૨૭ તથા આર્ટીકલ ૧૧૦ મુજબ વાદીને હવે દાવાવાળી મિલકતમાં કોઈ હકક રહેલ ન હોય ત્યારે વાદીને મનાઇ હુકમ આપી શકાય નહી. તેથી મનાઇ હુકમની દાદ પણ ના–મંજુર કરવામાં આવે છે.

વાદીએ બીજી અન્ય દાદ રેવન્યુ એન્ટ્રી લગત માંગેલ છે પણ જયારે વાદીનો દાવો ચાલવા પાત્ર ન હોય ત્યારે આ દાદ પણ વાદીને આપી શકાય નહી. તેથી તમામ દાદ ના–મંજુર કરવામાં આવે છે.

વાદીના વિ. વ. શ્રી ની દલીલ છે કે આંક–૧૧૬ ના બક્ષીસ લેખ મુજબ અમીજી વલીજીનો દાવાવાળી મિલકતમાં માત્ર ૨/૩ ભાગ હોય ત્યારે સ્પષ્ટ રીતે દાવાવાળી મિલકત અંગે પ્રતિવાદી કામીલ અમીજીએ કરેલ વ્યવહાર ગેરકાયદેસર હોય ત્યારે દાવો મંજુર થવા પાત્ર છે તે દલીલ વાદીએ પાર્ટીશન તથા પજેશન અંગેનો દાવો ૧૯૭૯ એટલે આંક–૧૧૫ ના દસ્તાવેજની જાણ થયા બાદ સમય મર્યાદામાં લાવેલ ન

હોય આ દલીલ ટકવા પાત્ર નથી તેથી આ દલીલ ખારીજ કરી મુદદા નં.–૬ લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

૧. વાદીનો હાલનો દાવો ના–મંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૫ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

વંથલી.
તા.૨૫/૦૬/૨૦૨૬.

(એલ. આઇ. ઇંગલે)
એડી. સીની. સીવીલ જજ, વંથલી.
કોડ નં.જીજે૦૧૩૭૨.